KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
Affordable education for All since 1940

प्रतिभा


કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)
વર્ષ: ૭ અંક: ૮૯ મે ૨૦૨૬

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ, ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ,
પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળ

ભારતમાં પ્રથમ વખત કપડવંજમાં આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ દિવસની ઐતિહાસિક ઉજવણી

રમત માત્ર સ્પર્ધા નહીં પરંતુ સમાજને જોડતી શક્તિ બની શકે છે તેનું જીવંત ઉદાહરણ ત્યારે જોવા મળ્યું, જ્યારે ભારતમાં પ્રથમ વખત કપડવંજ કેળવણી મંડળે આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ દિવસ 2026 તથા આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશન (ITTF)ના 100 વર્ષ પૂર્ણ થવાની વૈશ્વિક ઉજવણીનું યજમાનપદ સંભાળ્યું.
આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપતા આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ દિવસ 2026ના વૈશ્વિક મુખ્ય કાર્યક્રમનું કપડવંજ કેળવણી મંડળ યજમાન બન્યું. જે કપડવંજ અને દેશ માટે ઐતિહાસિક ઘટના બની અને આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશન (ITTF) ના 100 વર્ષ પૂર્ણ થવાનું સ્મરણ કરાયું.



“આરોગ્ય અને સુખાકારી” થીમ અને “ટેબલ ટેનિસ તમને ગતિમાન બનાવે છે” સૂત્રને કેન્દ્રમાં રાખીને આયોજિત આ કાર્યક્રમ દ્વારા સમજાવવામાં આવ્યું કે ટેબલ ટેનિસ જેવી રમતના માધ્યમથી શારીરિક પ્રવૃત્તિ, માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક સમાવેશને પ્રોત્સાહિત કરી શકાય છે.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८९ मे २०२६

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

આ કાર્યક્રમમાં ટેબલ ટેનિસ રમતના વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરના અગ્રણી પ્રતિનિધિઓ જોડાયા, જેમાં પેટ્રા સોરલિંગ (આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડેરેશન અને ફાઉન્ડેશનના પ્રમુખ અને આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક કમિટીના સભ્ય), વિતા દાણી (દાણી સ્પોર્ટ્સ ફાઉન્ડેશનના સ્થાપક અને આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડેરેશન ફાઉન્ડેશનના સભ્ય), લિઓનાર્ડો ઓલવેચ (આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડેરેશન ફાઉન્ડેશનના ડાયરેક્ટર), એડમ બોબરો (ટેબલ ટેનિસના ખેલાડી) અને શરથ કમલ (ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી - 10 વાર રાષ્ટ્રીય એવોડથી સન્માનિત) સહિત ESN Spinsight ના પ્રતિનિધિઓનો સમાવેશ થયો છે. કપડવંજ કેળવણી મંડળના પ્રમુખ, શ્રી હરીશભાઈ કુંડલીયા, ઉપ-પ્રમુખ, શ્રી રસિકભાઈ પટેલ, મંત્રીશ્રીઓ, શ્રી અનંતભાઈ શાહ અને ગૌતમભાઈ પટેલ તથા કારોબારી કમિટીના સદસ્યશ્રીઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં.





પેટ્રા સોરલિંગે કહ્યું: “ભારતે વર્લ્ડ ટેબલ ટેનિસ ડે 2026નું યજમાનપદ નિભાવવું આપણા વૈશ્વિક ટેબલ ટેનિસ પરિવારમાં ગૌરવની વાત છે. આ દિવસનો સંદેશ આપતા જણાવ્યું કે રમત રમવા દરેક વ્યક્તિનો આ ટેબલ પર આવકાર છે. તમે મજા માણવા, ફિટનેસ માટે અને મિત્રતા માટે રમત રમો અને સર્વોચ્ચ સ્તરે પહોંચવાની ઇચ્છા રાખો — આ દિવસ તમારો છે.”





જ્યારે આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશન તેની શતાબ્દી ઉજવી રહ્યું છે, ત્યારે આ બાબત સમજાવે છે કે રમત ઉંમર, ક્ષમતા કે ભૌગોલિક વાતાવરણની પરવા કર્યા વગર દરેકને આવકારે છે. આજે કપડવંજમાં ટેબલ ટેનિસના માધ્યમથી કપડવંજ નગરમાં વસેલ વિવિધ સમાજને જોડવામાં સકારાત્મક પ્રભાવ મળ્યો છે.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८९ मे २०२६

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશન ફાઉન્ડેશનના નેતૃત્વ હેઠળ, આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ દિવસ રમતની શક્તિને ઉજાગર કરે છે જે સમુદાયોને જોડે છે અને અર્થપૂર્ણ સામાજિક અસર સર્જે છે અને બતાવે છે કે કેવી રીતે ટેબલ ટેનિસને સામાજિક વર્ગોના રોજિંદા જીવનમાં સામેલ કરીને સમાજને વધુ સ્વસ્થ અને સમાવેશી જીવનશૈલીને પ્રોત્સાહન આપી શકાય છે.

કપડવંજને યજમાન શહેર તરીકે પસંદ કરવાનું કારણ માત્ર એક કાર્યક્રમ પૂરતું નહોતું, પરંતુ “Smash Barriers” કાર્યક્રમ હેઠળ દોઢ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા ગ્રાસરૂટ સ્તરના સતત પ્રયત્નોનું પરિણામ હતું. આ કાર્યક્રમ સ્થાનિક સ્તરે કપડવંજ કેળવણી મંડળ દ્વારા દાણી સ્પોર્ટ્સ ફાઉન્ડેશનની ભાગીદારીમાં અમલમાં મૂકાયો હતો. આ કાર્યક્રમમાં ટેબલ ટેનિસની સાથે આરોગ્ય અને સામાજિક માટેના સાધન તરીકે ઉપયોગ કરી રહી છે, જેમાં બાળકો, યુવાનો, પરિવારો અને દિવ્યાંગ વ્યક્તિઓને જોડવામાં આવ્યા છે.







આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ દિવસ 2026 આ સતત પ્રયાસોના પરિણામે કોલેજ પર જીવંત પ્રદર્શન દ્વારા બતાવવામાં આવ્યું કે રમત કેવી રીતે લાંબા ગાળાનો, સામાજમાં અસરકારક પ્રભાવ સર્જી શકે છે.
આ કાર્યક્રમ બે દિવસ સુધી ચાલ્યો હતો. 22 એપ્રિલે સ્થાનિક સંસ્થાઓ અને વિસ્તારોમાં આર્થિક રીતે પછાત સમુદાયની મુલાકાતો લીધી. ત્યારબાદ 23 એપ્રિલે દાણી કોલેજ ખાતે મુખ્ય ઉજવણી યોજાઈ.

આ ઉજવણીમાં આશરે 400 લોકો જોડાયા હતા, જેમાં બાળકો, યુવાનો, પરિવારો, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ વ્યક્તિઓનો સમાવેશ હતો અને કોઈ પણ સમયે લગભગ 200 લોકો સક્રિય રીતે રમતમાં ભાગ લઈ રહ્યા હતા.

મુખ્ય આકર્ષણોમાં વિવિધ ઉંમર અને ક્ષમતા ધરાવતા લોકો માટે ટેબલ ટેનિસ પ્રવૃત્તિઓ, ઉચ્ચ સ્તરના ખેલાડીઓ સાથે આર્થિક પછાત સમુદાયના બાળકો તથા સ્ત્રીઓ સાથે રમાયેલા મેચો, સ્થાનિક સંસ્કૃતિને દર્શાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો, તેમજ “ITTFના 100 વર્ષ”નું વિશેષ પ્રદર્શન સામેલ છે. જે રમતજગતના વૈશ્વિક વારસાને ઉજાગર કરે છે.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८९ मे २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

આ પ્રસંગ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં Vita Dani એ કહ્યું: “ટેબલ ટેનિસના આરોગ્ય લાભ ખરેખર બેજોડ છે અને આ દુનિયાની સૌથી વધુ સુલભ રમતોમાંની એક છે. મારા દિલની નજીક એવી આ રમતે મારા માટે ખાસ અર્થ ધરાવતા સ્થળે (પરિવારની માતૃભૂમિ પર) ઉજવવાનો અવસર મળવો એ અત્યંત વિશેષ છે. તેમાં વધુ મહત્વનું એ છે કે ફેડરેશનના 100 વર્ષ પૂર્ણ થવાનો આ અવસર છે અને ભારતને આ મહત્વપૂર્ણ ક્ષણનું યજમાન બનવાનો ગૌરવ મળવું તેને વધુ અર્થપૂર્ણ બનાવે છે.”

કપડવંજમાં યોજાયેલ વર્લ્ડ ટેબલ ટેનિસ ડે 2026એ દર્શાવ્યું કે ટેબલ ટેનિસ કેવી રીતે વિકાસને પ્રોત્સાહન આપી શકે છે, જેમાં જન સમુદાય કેન્દ્રસ્થાને રહે છે. વર્લ્ડ ટેબલ ટેનિસ ડે 2026એ કપડવંજને રમતના વૈશ્વિક નકશા પર વિશેષ ઓળખ અપાવી અને રમત જગતમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે તે સંદેશને વધુ મજબૂત બનાવ્યો.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८९ मे २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કેળવણી મંડળ સંચાલિત સંસ્થાના ઝળહળતા પરિણામ

શ્રી સી એન વિદ્યાલય



આજે કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સી એન વિદ્યાલય માટે ગૌરવની ક્ષણ છે. એક ગ્રાન્ટેડ શાળાનું ઝળહળતું પરિણામ જોઈ છેલ્લા કેટલાક વર્ષોથી લોકો અચંબિત થયા છે. કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.એન. વિદ્યાલય નું એચ.એસ.સી બોર્ડ -2026 નું 12 સામાન્ય પ્રવાહ નું પરિણામ 98.84%. કુલ 260 માંથી 257 વિધાર્થી પાસ. કપડવંજ સેન્ટરમાં શ્રી સી એન વિદ્યાલયની કોમર્સની વિદ્યાર્થીની મહેતા ફોરમ ભાર્ગવભાઈ 94.71 ટકા સાથે પ્રથમ અને વિજ્ઞાન પ્રવાહનું 81 ટકા પરિણામ. કુલ 115 માંથી 93 વિદ્યાર્થીઓ પાસ અને શ્રી સી એન વિદ્યાલયનો વિદ્યાર્થી પંડ્યા સ્વયં પરેશકુમાર 93.69 ટકાસાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત સામાન્ય પ્રવાહ માં કેન્દ્રમાં પ્રથમ અને તૃતીય વિદ્યાર્થી શ્રી સી. એન.વિદ્યાલયના અને વિજ્ઞાન પ્રવાહના પ્રથમ દ્વિતીય અને તૃતીય વિધાર્થીઓ સી.એન. વિધાલયના છે. શાળાનું એસ.એસ.સી બોર્ડ -2026 નું પરિણામ 95.82% આવ્યું છે. કુલ 335 માંથી 321 વિધાર્થી પાસ થયા છે.આવું ઉત્કૃષ્ટ ઝળહળતું પરિણામ મેળવી વિદ્યાર્થીઓએ શાળા અને કપડવંજ કેળવણી મંડળનું ગૌરવ વધારેલ છે. સૌ શિક્ષક મિત્રો અને આચાર્ય શ્રી ને ખૂબ ખૂબ અભિનંદન





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૭ અંક: ૮૯ મે ૨૦૨૬


પ્રતિભા


કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કેળવણી મંડળ સંચાલિત સંસ્થાના ઝળહળતા પરિણામ

શ્રી એસ.સી.દાણી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.સી. દાણી સ્કૂલ દ્વારા વર્ષ ૨૦૨૬ના બોર્ડ પરીક્ષામાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત થયેલ છે. ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં શાળાએ 86.66%નું નોંધપાત્ર પરિણામ મેળવ્યું છે, જેમાં મેસરીયા માહી નરેશભાઈએ 96.61 PR મેળવી શાળામાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. સાથે સાથે અન્ય વિદ્યાર્થીઓએ પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.





તે જ રીતે ધોરણ ૧૦ (SSC)માં શાળાએ 97.14%નું ભવ્ય પરિણામ નોંધાવ્યું છે. તેમાં પરમાર જિયા મુકેશભાઈએ 97.17% તથા 99.90 PR મેળવી કપડવંજ કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વધુમાં 23 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો છે અને 30 વિદ્યાર્થીઓએ 90 થી વધુ PR મેળવી શાળાની પ્રતિષ્ઠા વધારી છે. પટેલ જિયા વિદેશભાઈ (96.33%, 99.72 PR) અને પરમાર દિશા નરસિંહ (96.17%, 99.67 PR) જેવા વિદ્યાર્થીઓએ પણ ઉત્તમ પ્રદર્શન કર્યું છે.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८९ मे २०२६

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કેળવણી મંડળ સંચાલિત સંસ્થાના ઝળહળતા પરિણામ

શ્રીમતિ સી.ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ

(Managed by Kapadwanj Kelavani Mandal)

Smt.Chandraben D. Gandhi Eng.Med.School

S.S.C EXAM RESULT 2025-26

CONGRATULATIONS TO ALL THE STUDENTS

TOPPERS



School Result 100%

સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ

(Managed by Kapadwanj Kelavani Mandal)

Smt.Chandraben D. Gandhi Eng.Med.School

H.S.C EXAM RESULT 2025-26

CONGRATULATIONS TO ALL THE STUDENTS

TOPPERS



School Result 100%

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

વર્ષ: ૭ અંક: ૮૯ મે ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શિક્ષક તાલીમ કાર્યક્રમનું આયોજન

શિક્ષકોના વિચારોમાં નવી ઉર્જા અને શિક્ષણમાં નવી દિશા ઉમેરવાના હેતુથી કપડવંજ કેળવણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દ્વિદિવસીય શિક્ષક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. તા. 30/04/2026 અને 01/05/2026ના રોજ કપડવંજ કેળવણી મંડળ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રિ-પ્રાઇમરીથી ઉચ્ચતર માધ્યમિક વિભાગ સુધીના આશરે 120 શિક્ષકો જોડાયા હતા. પ્રથમ દિવસે KKM ના ઉપપ્રમુખ રસિકભાઈ પટેલે “સ્ટ્રેસ મેનેજમેન્ટ” વિષય પર માર્ગદર્શન આપી શિક્ષકોને સકારાત્મક વિચારસરણી અને આત્મવિશ્વાસ સાથે કાર્ય કરવાની પ્રેરણા આપી. .





બીજા દિવસે અવકાશ કન્સલ્ટન્સીના શિક્ષણ નિષ્ણાત હાર્દિકભાઈ પ્રજાપતિએ “Know Your Child”, Change Management અને અસરકારક શિક્ષણ પદ્ધતિઓ અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું. જેમાં નર્સરી થી ધોરણ 2 ના 58 શિક્ષકો જોડાય હતા. કાર્યક્રમ દરમિયાન નવીન “Best Practices” અમલમાં મૂકનાર 52 શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા, જે સમગ્ર શિક્ષક પરિવાર માટે ગૌરવ અને પ્રેરણાનો યાદગાર પ્રસંગ બની રહ્યો.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८९ मे २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

છોટી પાઠશાલાની ગૌરવપૂર્ણ સિદ્ધિ : ધોરણ 10 બોર્ડ પરીક્ષામાં સફળતા

કપડવંજ કેળવણી મંડળ દ્વારા છેલ્લા બે વર્ષથી “છોટી પાઠશાળા” પ્રોજેક્ટ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. હાલમાં મારવાડીવાસ, હરિજનવાસ, ગોપાલપુરા અને માતરીયા વિસ્તારોમાં ચાલતા આ પ્રોજેક્ટ અંતર્ગત આશરે 120 બાળકોને નિઃશુલ્ક શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રોજેક્ટનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા અને પછાત વર્ગના બાળકોને શિક્ષણમાં આગળ વધવા માટે સહાયરૂપ થવાનો છે. ખાસ કરીને વાંચન, લેખન અને ગણન કૌશલ્યના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.



વર્ષ 2025-26 ની ધોરણ 10 બોર્ડ પરીક્ષામાં મારવાડીવાસના બે વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી છે. વિદ્યાર્થીની સરસ્વતી વિનોદભાઈ ભીલે 66% ગુણ તથા વિદ્યાર્થી જગદીશ કનુભાઈ ભીલે 50% ગુણ મેળવી સફળતા હાંસલ કરી છે. બંને વિદ્યાર્થીઓ આર્થિક રીતે ગરીબ પરિવારમાંથી આવે છે, છતાં શિક્ષણ પ્રત્યેની લગન અને સતત મહેનતથી તેમણે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

વિદ્યાર્થીઓને ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે છોટી પાઠશાળાના વોલેન્ટિયર સંજયભાઈએ



નિયમિત માર્ગદર્શન, વધારાનો સમય અને જૂના પ્રશ્નપત્રોની પ્રેક્ટિસ કરાવી મહત્વપૂર્ણ સહાય આપી હતી. કપડવંજ કેળવણી મંડળના આર્થિક સહયોગથી ચાલતી છોટી પાઠશાળાના પ્રયત્નોથી પ્રાપ્ત થયેલી આ સફળતા સમગ્ર પ્રોજેક્ટ માટે ગૌરવની વાત છે. આ સિદ્ધિ એ વાતનો સુંદર દાખલો છે કે યોગ્ય માર્ગદર્શન, તક અને મહેનત દ્વારા બાળકો પોતાના સપનાઓ સાકાર કરી શકે છે। છોટી પાઠશાળાના વધુ કેન્દ્રો ચાલુ કરવા કપડવંજ કેળવણી મંડળ પ્રયત્નશીલ છે. આ પ્રોજેક્ટ માટે દાન આવકાર્ય છે.

પ્રિ-પ્રાયમરી સમર કેમ્પનું આયોજન

રજાઓને માત્ર મોજ નહીં પરંતુ સર્જનાત્મક શીખવાનો અવસર બનાવતા પ્રિ-પ્રાયમરી સમર કેમ્પનું તા. 13/04/2026ના રોજ આનંદ અને ઉત્સાહભેર ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં 56 જેટલા નાનકડા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ડાન્સ, ડ્રોઈંગ તથા આર્ટ એન્ડ ક્રાફ્ટ જેવી મનોરંજક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને રમતાં-રમતાં શીખવાની, પોતાની કલ્પનાશક્તિ વ્યક્ત કરવાની અને નવી બાબતો શીખવાની સુંદર તક મળી હતી. શિક્ષકોના માર્ગદર્શન અને વાલીઓના સહકારથી સમગ્ર કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ સમર કેમ્પ બાળકો માટે આનંદ, શિક્ષણ અને યાદગાર અનુભવોનો સુંદર મેળાપ બની રહ્યો.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા


કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૯ મે ૨૦૨૬











KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८९ मे २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

એસ.સી.દાણી સ્કુલ્સ

શિક્ષણ ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ

સતત મહેનત અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાને ગૌરવપૂર્ણ સિદ્ધિ મળી, શ્રી એસ.સી. દાણી સ્કૂલના વાઈસ પ્રિન્સિપાલ શ્રી વનરાજસિંહ રાવજીભાઈ રાઠોડે **"ગુજરાત રાજ્યના માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આકાંક્ષા સ્તરનો તુલનાત્મક અભ્યાસ"** વિષયમાં પી.એચ.ડી. પૂર્ણ કરી ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી. બાયડ તાલુકાના લાંક ગામના વતની તથા હાલ કપડવંજ ખાતે નિવાસ કરતા શ્રી વનરાજસિંહ રાઠોડે Madhav University ખાતે ડૉ. સતેન્દ્ર કુમારના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય પૂર્ણ કર્યું હતું. તેમની આ સિદ્ધિથી પરિવાર, સમાજ અને શિક્ષણ જગતમાં ગૌરવ અને આનંદની લાગણી પ्रसरी ગઈ છે. શિક્ષણ ક્ષેત્રે તેમની આ ઉપલબ્ધિ અનેક યુવાનો માટે પ્રેરણારૂપ બની રહી છે.





શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

NMMS પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ સ્થાન



પ્રતિભા, મહેનત અને યોગ્ય માર્ગદર્શનના બળે શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના વિદ્યાર્થીઓએ NMMS પરીક્ષામાં ગૌરવપૂર્ણ સફળતા મેળવી. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 8ની NMMS શિષ્યવૃત્તિ પરીક્ષામાં વિદ્યાર્થી પટેલ જ્વલ મુકેશભાઈએ સમગ્ર ખેડા જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું. આ પરીક્ષામાં શાળાના કુલ 8 વિદ્યાર્થીઓ મેરીટમાં સ્થાન પામ્યા છે. મેરીટમાં આવેલા વિદ્યાર્થીઓને ધોરણ 9 થી 12 સુધી દર મહિને ₹1000 મુજબ કુલ ₹48,000ની શિષ્યવૃત્તિ મળશે, જેના આધારે શાળાના વિદ્યાર્થીઓને કુલ ₹3,84,000ની શિષ્યવૃત્તિ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિથી સમગ્ર શાળા પરિવાર, શિક્ષકો અને વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.